નં. ઈએલસી/ઈ.વી.એમ./વશી-૨૮૭/૨૯૫ /૨૦૧૭
કલેકટર કચેરી નવસારી,
નવસારી. તારીખ : ૧૮/૦૭/૨૦૧૭

વંચાણમાં લીધું :

(૧) મે. સંયુકત મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી ગુ.રા., ગાંધીનગર ના પત્ર નંબર : ઈવીએમ/૧૦૨૦૧૭/છ તા.૧/૭/૨૦૧૭

(૨) અત્રેની તા.૬/૭/૨૦૧૭ ના રોજ "સંદેશ" દૈનિક સમાચારપત્રમાં પ્રસિધ્ધ થયેલ ટુકી મુદતની નિવિદા.

(૩) મે.મુખ્ય નિવાચન અધિકારીશ્રી ગાંધીનગરના પત્ર નં.ઈએલસી/૫૯૧૬/૨૯૭૪/છ,તા.૧૦/૦૭/૨૦૧૭

(૪) જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી,વડોદરાના તા: ૧૪/૭/૨૦૧૭ ના હુકમ નં. ચૂંટણી/૧/વશી-૧૮૭૫/૨૦૧૭

(૫) આશુ લોઝીસટીક એન્ડ પેકેજીગ પ્રા.લી. ગુવાહીટીની તા : ૧૭/૦૭/૨૦૧૭

**હુકમ :-**

ગુજરાત રાજયની વિધાનસભાની આગામી ચૂંટણીઓ દરમ્યાન EVM તથા VVPAT મશીનો ઉપયોગ કરવામાં આવનાર છે. આ EVM તથા VVPAT મશીનો ગુજરાત રાજય સિવાય બહારના રાજયોમાંથી ફાળવવામાં આવનાર હોય, મે. સંયુકત મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી ગુજરાત રાજય, ગાંધીનગરના આમુખ-૧ ના પત્રથી આવા EVM તથા VVPAT મશીનોનું પરીવહન GPS લગાવેલ બંધ બોડીના કંટેઈનર ધ્વારા કરવા જણાવેલ છે. અને આ EVM તથા VVPAT મશીનોના પરીવહન માટે જિલ્લા કક્ષાએ તા : ૧૨/૭/૨૦૧૭ સુધીમાં એજન્સી નિયુકત કરી, હેરફેરની સમગ્ર પ્રક્રિયા તા : ૩૧/૦૭/૨૦૧૭ સુધીમાં પૂર્ણ કરવા સુચના મળેલ છે.

આમુખ-૧ થી મળેલ સુચના અન્વયે EVM તથા VVPAT મશીનોના પરીવહન માટે એજન્સી નિયુકત કરવાના કામે અત્રેથી આમુખ-૨ થી ટુકી મુદતની નિવિદા બહાર પાડવામાં આવેલ. જે તા : ૦૬/૦૭/૨૦૧૭ ના રોજ સંદેશ દૈનિક વર્તમાનપત્રમાં નિયમોનુસાર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. તે અનુસાર તા : ૧૨/૦૭/૨૦૧૭ સુધીમાં ભરેલ ટેન્ડર ફોર્મ રજુ કરવાનુ હતુ. પરંતુ નિયત સમય સુધીમાં કોઈપણ ફોર્મ અત્રે રજુ થયેલ નથી.

મે.મુખ્ય નિવાચન અધિકારીશ્રી ગાંધીનગરના તા.૧૦/૦૭/૨૦૧૭ ના આમુખ-૩ ના પત્રથી નવસારી જિલ્લાને નીચે મુજબ EVM ( BU + CU ) તથા VVPAT મશીનો ફાળવવામાં આવેલ છે.

| અ.નં. | સ્થળ | EVM (BU) | EVM (CU) | VVPAT |
|---|---|---|---|---|
| ૧ | પાલઘર ( મહારાષ્ટ્ર) | ૧૪૦૦ | ૬૯૫ | ૦ |
| ૨ | પુના ( મહારાષ્ટ્ર) | ૨૩૯ | ૦ | ૦ |
| ૩ | બેલ ( બેંગ્લોર ) | ૦ | ૦ | ૧૬૨૩ |

ઉપરોકત વિગતે મહારાષ્ટ્ર રાજયના પાલઘર તથા પુના ખાતેથી EVM ( BU + CU ) મશીનો લાવવાના થાય છે. પરંતુ અત્રેથી બહાર પાડવામાં આવેલ ટુકી મુદતની નિવિદા સંબંધે સમય મર્યાદામાં કોઈ ફોર્મ રજુ થયેલ નથી. પરંતુ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર વડોદરા તરફથી આમુખ-૪ ના હુકમથી વડોદરા જિલ્લામાં યુ.પી. વારાણસી ખાતેથી EVM ( BU + CU ) મશીનો લાવવા માટે આશુ લોઝીસ્ટીક એન્ડ પેકેજીગ પ્રા.લી.ના એક વાહનના પ્રતિ ચો.મી.ના ભાવો રૂા.૬૫/- તથા એક વાહનનું લોડીગ/ અનલોડીગનો ભાવ રૂા.૧૦૦૦૦/- મંજુર કરવામાં આવેલ છે. સદર એજન્સી તરફથી આમુખ-૫ થી વડોદરા ખાતે નકકી થયેલ ભાવો મુજબ જ નવસારી જિલ્લામાં કામગીરી કરવા ઈ-મેઈલથી સંમતિ દર્શાવેલ છે.

Scanned by CamScanner

અધિકારી ... નવસારી

સબબ : આગામી વિધાનસભાની સામાન્ય ચૂંટણી–૨૦૧૭ ના કામે નવસારી જિલ્લા માટે ફાળવવામાં આવેલ EVM ( BU + CU ) મહારાષ્ટ્ર રાજયના પાલઘર તથા પુના ખાતેથી લાવવા માટે નીચેની શરતો અને કોલમ–૩ માં આખરી રજુ થયેલ ભાવોને આધિન " આસુ લોજીસ્ટીક એન્ડ પેકેજીગ પ્રા.લી." ગુવાહાટી, આસામ ને ઈજારો આપવા આથી હુકમ કરવામાં આવે છે.

## મંજુર કરેલ ભાવ

| મંજુર થયેલ એજન્સીનું નામ / સરનામું | વાહનનો પ્રકાર | EVMs માટે | |
|---|---|---|---|
| | | એક વાહનનું ભાડું પ્રતિ કી.મી.દર | એક વાહનનું લોડીંગ / અનોલડીગ ચાર્જ |
| ૧ | ૨ | ૩ | |
| આસુ લોજીસ્ટીક એન્ડ પેકેજીગ પ્રા.લી, અમીત નગર, એચ.નં.૧૫, બીલ્ટોલા ચરાલી, નેપ્ચુન સીનેમા હોલ સામે, ગુવાહાટી–૭૮૧૦૨૯ | બંધ બોડીનું સીલ થઈ શકે તેવું કંટેઈનર/વાહન | ૬૫ | ૧૦૦૦૦/– |

**શરતો** :–

૧. વાહન નેશનલ પરમીટ ધરાવતું હોવું જોઈએ તથા વાહન અને તેમાં રહેલ માલ સામાનનું પણ સપુંર્ણ વિનાનું કવરેજ હોવું જોઈએ તથા ડ્રાઈવર પાસે નિયમોનુસાર લાયસન્સ હોવું જોઈએ.

૨. જે રાજયમાં કહેવામાં આવે તે રાજયમાં વાહન પુરુ પાડવાનું રહેશે અને તેના વાહનની સંખ્યા સબંધિત વાહન પુરુ પાડનાર પ્રતિનિધિએ ત્યાં રૂબરૂ મુલાકાત લઈ આકારણી કરીને વ્યવસ્થા કરવાની રહેશે.

૩. વાહનમાં ભાવમાં અન્ય તમામ કરવેરાનો તથા ડ્રાઈવર તથા કલીનરનો સમાવેશ થયેલો ગણાશે. એટલે કે કોઈપણ સ્થળ ઉપર ભરવા પડતા વેરા, દંડ, ટેક્ષની રકમ અલગથી આકારવાની રહેશે નહી. તેમજ વાહનમાં ઉભી થતી યાંત્રીક ખામી અંગેની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. તથા તેની વૈકલ્પિક વ્યવસ્થા સદર નિયમોને આધિન તાત્કાલિક કરી આપવાની રહેશે.

૪. EVM લેવા માટે અત્રેથી નિમણૂંક પામેલા અધિકારીના નિયંત્રણ હેઠળ જ વાહનોએ મુવમેન્ટ કરવાની રહેશે. એટલે કે સાથે આવતા અધિકારી કે અધિકારીના વાહન સાથે જ રાખવાનુ રહેશે. ડ્રાઈવર પોતાની મરજી મુજબનો રૂટ નકકી કરીને ચાલી શકશે નહી.

૫. વાહનના ડ્રાઈવર તથા કલીનરનો સંપૂર્ણ ખર્ચ કોન્ટ્રકટ લેનારે ભોગવવાનો રહેશે. એટલે કે સાથે આવતા અધિકારી કે કર્મચારીએ ડ્રાઈવરો અને કલીનરોના રહેવા જમવાની વ્યવસ્થા જોવાની રહેશે નહી કે તે બાબતે ચુકવણું કરવાનું રહેશે નહી.

૬. તમામ વાહનો ઉપર GPS લગાવવાના રહેશે.

૭. બંધ બોડીના ટ્રકને દરવાજા હોવા જરૂરી છે. એટલે કે તેનું સીલીગ થઈ શકે તેવા પ્રકારના મજબુત દરવાજા વાળા વાહનો પુરા પાડવાના રહેશે.

Scanned by CamScanner

૮. B.U અને C.U અલગ અલગ પેટીમાં રાખવામાં આવશે. જે એક પેટીમાં ૧૦ (દશ) B.U રહેશે. તે પેટીનું માપ આશરે ૪૨" × ૨૫"×૧૭" રહેશે અને જે એક પેટીમાં ૧૦ (દશ) C.U રહેશે. તે પેટીનું માપ આશરે ૩૩.૫" × ૨૪"×૧૭" રહેશે. તથા VVPAT નું એક યુનીટ એક એલ્યુમીનીયમની પેટીમાં આવશે જે એલ્યુમીનીયમની પેટીનું માપ ૨૦"×૧૨"×૧૮" રહેશે. જે મુજબ વાહનોની વ્યવસ્થા કરવાની રહેશે.

૯. EVMs ની સુરક્ષા બાબત ધ્યાને લઈ વાહન ફાળવવાનું રહેશે.

૧૦. સદરહું હુકમની તારીખથી દિન–૩ માં અત્રે કરારનામું કરી આપી ટેન્ડરની શરત મુજબ રૂ.૨૫૦૦૦/– (અંકે રૂપીયા પચ્ચીસ હજાર પુરા)નો ડ્રાફટ ઈજારદારે સીકયોરીટી ડીપોઝીટ પેટે જમા કરાવવાનો રહેશે.

૧૧. ભારતના ચૂંટણી પંચ તરફથી VVPATS કર્ણાટક રાજયમાંથી ભારત ઈલેકટ્રોનીક લી.' તરફથી નવીન ફાળવણી કરવામાં આવેલ જેના પરીવહનની સેવા જીલ્લા કક્ષાએથી કરવાના પ્રસંગે રજુ થયેલા ભાવો મુજબ કામગીરી પુર્ણ કરવાની રહેશે.

જિલ્લા ચૂંટણી અધિકારી
અને
કલેકટર નવસારી

પ્રતિ,
આસુ લોજીસ્ટીક એન્ડ પેકેજીંગ પ્રા.લી,
અમીત નગર,એચ.નં.૧૫,
બીલ્ટોલા ચરાલી, નેપ્ચુન સીનેમાં હોલ સામે,
ગુવાહટી–૭૮૧૦૨૯
૧.સુજિત સીગ : ફોન નંબર : ૦૩૬૧ ૨૨૨૮૧૮૧
૨.અમીત સીગ : ફોન નંબર: ૦૭૦૮૬૦૫૫૪૦૨

Pl. keep ready vehicles as mentioned above on date- 25th July 2017. at 8:00 AM. at both spots.

નકલ સવિનય રવાના : મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી,સામાન્ય વહીવટી વિભાગ,સચિવાલય, બ્લોક નં.૭, 
રજો માળ, ગાંધીનગર તરફ જરૂરી જાણ સારૂ વિનંતી સહ.

Scanned by CamScanner